पूर्वधरश्रीमदुमास्वातिवाचकविरचितम्–

# श्रीतत्त्वार्थाधिगमशास्त्रम्

॥ संबन्धकारिका ॥

सम्यग्दर्शनशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दु:खनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥ १ ॥
जन्मनि कर्मक्लेशै-रनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो, यथा भवत्येष परमार्थ: ॥ २ ॥
परमार्थालाभे वा, दोषेष्वारम्भकस्वभावेषु ।
कुशलानुबन्धमेव, स्यादनवद्यं यथा कर्म ॥ ३ ॥
कर्माहितमिह चामुत्र, चाधमतमो नर: समारभते ।
इह फलमेव त्वधमो विमध्यमस्तूभयफलार्थम् ॥ ४ ॥
परलोकहितायैव प्रवर्तते, मध्यम: क्रियासु सदा ।
मोक्षायैव तु घटते, विशिष्टमतिरुत्तमपुरुष: ॥ ५ ॥

(૧) જે સમ્યગ્દર્શનથી શુદ્ધ જ્ઞાન અને ચારિત્ર પ્રાપ્ત કરે છે, તેનો દુઃખનું કારણ પણ આ (મનુષ્ય) જન્મ સફળ બને છે.

(૨) કર્મ અને કષાયના અનુબંધવાળા આ જન્મમાં કર્મ અને કષાયનો સર્વથા અભાવ થાય તેવો પ્રયત્ન કરવો એ જ પરમાર્થ છે.

(૩) આરંભમાં પ્રવર્તાવવાના સ્વભાવવાળા કષાયાદિ દોષોની વિદ્યમાનતાના કારણે પરમાર્થ (=કર્મ અને કષાયોનો સર્વથા અભાવ) ન થઇ શકે તો કુશળકર્મનો=પુણ્યાનુબંધી પુણ્યનો અનુબંધ થાય તે પ્રમાણે નિરવદ્ય કાર્યો કરવાં જોઇએ.

**છ પ્રકારના મનુષ્યો–**

(૪-૫-૬) **અધમતમ** મનુષ્ય આ લોક અને પરલોકમાં દુઃખ આપનારા કાર્યો કરે છે. **અધમ** મનુષ્ય કેવળ આ લોકમાં સુખ આપનારા કાર્યો કરે છે. **વિમધ્યમ** મનુષ્ય ઉભયલોકમાં સુખ આપનારા કાર્યો કરે છે.